बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

**ઝોનલ સ્ટ્રેસ્ડ એસેટ રીકવરી શાખા, ૪થો માળ,** બેંક ઓફ બરોડા ટાવર, લો ગાર્ડન પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોનઃ ૦૭૯-૨૬૪૭૩૧૫૪
**ઈમેલઃ** armahm@bankofbaroda.co.in

# સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

**પરિશિષ્ટ- ૪-એ- (જુઓ નિયમ ૮(૬)ની જોગવાઇઓ)**

## સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો /ચાર્જડ કરાયેલ છે, જેનો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ **પ્રત્યક્ષ કબજો** લઇ લીધો છે, જેનું વેચાણ નીચે જણાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે", "જેમ છે" કોઈપણ આશ્રય આધાર વિનાના ધોરણે ૦૯.૧૨.૨૦૨૨** ના રોજ કરવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત/ઇ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડવૃદ્ધિની રકમ નીચે જણાવેલ છે:

| ક્રમ નં/ લોટ નં. | દેવાદાર/રો/જામીનદાર/રોનું નામ અને સરનામું | મિલકતોની વિગત | કુલ બાકી રકમ | રીઝર્વ કિંમત, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ |
|---|---|---|---|---|
| 1. | **મે. સુપરટેક એગ્રોગ્રેઇન્સ પ્રાઇવેટ લિમિટેડ** તેની રજીસ્ટર્ડ ઓફિસ ૪૯ એ, આર્યમાન બંગલોઝ, થલતેજ શિલજ રોડ, અમદાવાદ (ગુજરાત) ખાતે **ડાયરેક્ટરો/જામીનદારોઃ ૧. શ્રી વિનય સુરિન્દર નરૂલા,** ૭૭, બસ્તી લાભ સિંઘ વાલી, ગુરૂહર સહાય, ફિરોઝપુર-૧૫૨૦૨૨ (પંજાબ) **૨. શ્રીમતી અધિક્ષા નરૂલા,** ૭૭, બસ્તી લાભ સિંઘ વાલી, ગુરૂહર સહાય, ફિરોઝપુર-૧૫૨૦૨૨ (પંજાબ) **૩. શ્રી અરૂણ નરૂલા,** મકાન નં. ૧૬૫, વોર્ડ નં. ૮, મોડેલ ટાઉન, ગુરૂહર સહાય, ફિરોઝપુર-૧૫૨૦૨૨ (પંજાબ) | **લોટ નં. ૧ : (i)** તાલુકા તારાપુર, જી. આણંદ, ગુજરાત ખાતે ઇન્દ્રનાજ ની હદમાં બ્લોક/રેવેન્યુ સર્વે નં. ૫૭૦ ધરાવતી તેની પરના બાંધકામ સહિત નવા ૮-એ, ખાતા નં. ૮૩૧ ની કુલ હે.ઓ. ૦-૫૪-૬૩ આરે (જમીન સંપાદન પછી રેવેન્યુ રેકોર્ડ પ્રમાણે હે.ઓ.૦-૪૫-૭૯ આરે) ની સ્થાવર મિલકત સમાવતી મિલકતના તે તમામ પાર્ટ અને પાર્સલ. **(ii)** તાલુકા તારાપુર, જી. આણંદ, ગુજરાત ખાતે ઇન્દ્રનાજ ની હદમાં બ્લોક/રેવેન્યુ સર્વે નં. ૫૭૦ ધરાવતી તેની પરના બાંધકામ સહિત નવા ૮-એ, ખાતા નં. ૮૩૨ ની કુલ હે.ઓ. ૦-૫૪-૬૪ આરે (જમીન સંપાદન પછી રેવેન્યુ રેકોર્ડ પ્રમાણે હે.ઓ.૦-૪૫-૮૦ આરે) ની સ્થાવર મિલકત સમાવતી મિલકતના તે તમામ પાર્ટ અને પાર્સલ. **(iii)** તાલુકા તારાપુર, જી. આણંદ, ગુજરાત ખાતે ઇન્દ્રનાજ ની હદમાં બ્લોક/રેવેન્યુ સર્વે નં. ૫૬૬/૧ ધરાવતી તેની પરના બાંધકામ સહિત નવા ૮-એ, ખાતા નં. ૮૩૦ ની કુલ હે.ઓ. ૦-૭૬-૮૯ આરે (જમીન સંપાદન પછી રેવેન્યુ રેકોર્ડ પ્રમાણે હે.ઓ.૦-૭૫-૬૯ આરે) ની સ્થાવર મિલકત સમાવતી મિલકતના તે તમામ પાર્ટ અને પાર્સલ. **(પ્રત્યક્ષ કબજો)** | **મે. સુપરટેક એગ્રો ગ્રેઇન્સ પ્રાઈવેટ લિમિટેડ, તા. ૦૧.૧૧.૨૦૧૯ ની કલમ ૧૩/૨ હેઠળની માંગણા નોટીસ પ્રમાણે કુલ બાકી રૂા. ૧૧,૩૪,૯૦,૦૮૫.૬૩ (રૂપિયા અગિયાર કરોડ ચૌંત્રીસ લાખ નેવું હજાર પચ્ચાંસી અને ત્રેસઠ પૈસા) અને તા. ૦૧.૧૧.૨૦૧૯ થી** લાગુ તેની પરના કરારના દરે આગળના વ્યાજ વત્તા કિંમતો, ચાર્જિસ અને ખર્ચા, બાદ વસૂલાત, જો હોય તો. | **રીઝર્વ કિંમત : રૂા. ૩,૨૧,૦૦,૦૦૦/-** <br> **ઈએમડી : રૂા. ૩૨,૧૦,૦૦૦/-** <br> **બીડ વધારાની રકમ : રૂા. ૧,૦૦,૦૦૦/-** |

**ઈ-હરાજીની તારીખઃ ૦૯.૧૨.૨૦૨૨ અને ઈ-હરાજીનો સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારાના સમયગાળા સાથે) ● કબજાનો પ્રકાર : પ્રત્યક્ષ ● નિરીક્ષણની તારીખ : ૦૬.૧૨.૨૦૨૨ સવારના ૧૧:૦૦ થી બપોરના ૨:૦૦ વાગ્યા સુધી**

શરતો અને નિયમો :

૧. વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઇટ **https://www.mstcecommerce.com** પર પુરા પડાયેલ ઇ-ઓક્શન પ્લેટફોર્મ મારફત ઉપર જણાવેલ તારીખ અને સમયે હાથ ધરવામાં આવશે. ઇચ્છુક બીડરો અને ખરીદારોને તેમના મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડીનો ઉપયોગ કરીને પોર્ટલ **(https://www.mstcecommerce.com)** (સીધી લિંક **https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp)** પર રજીસ્ટર કરાવા વિનંતી છે. વધુમાં, તેમને આવશ્યક કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવા વિનંતી છે. એકવાર કેવાયસી દસ્તાવેજો ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતા દ્વારા ચકાસણી થયા પછી (બે ચાલુ દિવસો લાગી શકે છે), ઇચ્છુક બીડરો/ખરીદારોએ હરાજીના સમય પહેલા તેમના ગ્લોબલ ઇએમડી વોલેટમાં ઓનલાઇન મોડ નો ઉપયોગ કરીને ઇએમડીની રકમ અગાઉથી ટ્રાન્સફર કરવાની રહેશે. ગ્લોબલ ઈએમડી વોલેટમાં ઈએમડીની રકમ ન હોય તો સિસ્ટીમ બીડ કરવાની પરવાનગી આપશે નહી. બીડર રજીસ્ટ્રેશન, કેવાયસી દસ્તાવેજોની સુપરતગી અને ચકાસણી અને વોલેટમાં ઇએમડી ટ્રાન્સફર હરાજી પહેલા પુર્ણ કરવા ફરજિયાત છે. હરાજી ખરીદાર હરાજીની તારીખની પહેલાના બે દિવસની અંદર કેવાયસી દસ્તાવેજો સુપરત કરે છે, તો અધિકૃત અધિકારી/બેંક/ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતા તે સ્વીકારવા અને કેવાયસી ચકાસણી અને ઇએમડી રકમની ચકાસણી પુર્ણ કરવાની સ્વતંત્રતા ધરાવેછે. આમછતાં, આવા સંજોગોમાં અધિકૃત અધિકારી/બેંક/ઇ ઓક્શન સર્વિસ પ્રદાતા કેવાયસી દસ્તાવોજોની ચકાસણીમાં કોઇપણ વિલંબ/નિષ્ફળતા અને વોલેટમાં ઇએમડી ટ્રાન્સફરમાં નિષ્ફળતા માટે જવાબદાર ગણાશે નહી. ઇચ્છુક બીડર ઇ-હરાજીની તારીખના રોજ અને સમયે બીડ કરવા લાયક ત્યારે લાયક ગણાશે જ્યારે બીડરોના ગ્લોબલ વોલેટમાં બીડીંગના સમયે પુરતી સિલક (ઇએમડીની રકમ) હોય. ભીડરો એક કે તેથી વધુ મિલકતો માટે ઓફર કરી શકે છે. એકથી વધુ મિલકતો માટે ઓફરો કરવાના કિસ્સામાં બીડરોએ દરેક મિલકત માટે ઇએમડી જમા કરવાની રહેશે.

૨. ઉપર જણાવ્યા મુજબ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ની રકમ ઓનલાઇન એટલે કે એનઇએફ્ટી/ટ્રાન્સફર બીડરોના ગ્લોબલ ઇએમડી વોલેટમાં ચુકવવાની રહેશે **(https://www.mstcecommerce.com)** માંથી ચાલન બનાવ્યા પછી). એનઇએફ્ટી ચાલન ફક્ત એક સોદા માટે માન્ય ગણાશે. જો બહુવિધ સોદાઓ કરવામાં આવશે, તો ફક્ત પહેલાને ધ્યાનમાં લેવામાં આવશે અને બાકી સોદા(ઓ)ને ધ્યાનમાં લેવામાં આવશે નહી. એનઇએફ્ટી ટ્રાન્સફર કોઇપણ શીડ્યુલ્ડ કોર્મસીયલ બેંકમાંથી કરી શકાશે. ફંડ ટ્રાન્સફર માટે ફક્ત એનઇએફ્ટી માધ્યમનો ઉપયોગ કરવાનો રહેશે. કોઇપણ અન્ય માર્ગે બીડરોના વોલેટમાં ઇએમડીની ચુકવણી બાકી ગણાશે. કોઇપણ અન્ય માર્ગે કરાયેલ ચુકવણી જેવીકે ચેક સ્વીકારવામાં આવશે નહી. તેમના વોલેટમાં આવશ્યક ઇએમડી જમા ન કરનાર બીડરોને ઇ-હરાજીમાં ભાગ લેવાની પરવાનગી મળશે નહી. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઇ વ્યાજ મળશે નહી. અસફળ બીડરોને ઇએમડી રીફંડ કરવા માટે, બીડરોએ **https://www.mstcecommerce.com** માં લોગીન કરીને અને તેમાં આપેલ રીફંડ પ્રક્રિયા અનુસરીને ઓનલાઇન રીફંડ માંગવાનું રહેશે અને ઓનલાન રીફંડની માંગ કર્યા પછી જ ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતા દ્વારા રીફંડ આપવામાં આવશે. અસફળ બીડરોની ઇએમડીની રકમ કોઇ વ્યાજ વગર પરત કરવામાં આવશે.

૩. ઇ-હરાજી માટે પ્લેટફોર્મ **(https://www.mstcecommerce.com)** અમારા ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતા એમએસટીસી લીમીટેડ મારફત પુરા પાડવામાં આવશે જે તેની રજીસ્ટર્ડ ઓફીસ ૨૨૫-સી, એ.જે.સી બોઝ રોડ, કલકત્તા-૭૦૦૦૨૦ ખાતે ધરાવે છે. ઇચ્છુક બીડરો/ ખરીદારોએ ઇ-હ રાજી પ્રક્રિયામાં ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતાની વેબસાઇટ **https://www.mstcecommerce.com** પર ભાગ લેવો જરૂરી છે. આ સર્વિસ પ્રદાતા પોર્ટલ પર ઇચ્છુક બીડરો/ખરીદારો માટે ઓનલાઇન ડેમોસ્ટ્રેશન/ઇ-ઓક્શનની તાલીમ પણ હરાજી પહેલા પુરી પાડશે. વેચાણની સામાન્ય શરતો અને નિયમો ધરાવતી વેચાણ નોટીસ બેંક વેબસાઇટો/વેબપેજ પોર્ટલ **https://www.bankofbaroda.in/eauction.htm, https://ibapi.in** પર પણ ઉપલબ્ધ છે /જારી કરવામાં આવી છે. ઇ-હરાજીના ઇચ્છુક ભાગીદારો વેચાણ નોટીસની નકલો, ઇ-હરાજીની શરતો અને નિયમો, આ ઇ-હરાજીને સબંધિત ઇ-હરાજીની પ્રક્રિયા અંગેનું હેલ્પ મેન્યુઅલ **e-B-IBAPI** પોર્ટલ **((https://www.ibapi.in))** પરથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકે છે. (બીડર રજીસ્ટ્રેશન અથવા બીડ પ્રક્રિયાને લગતી પુછપરછ માટે એમએસટીસી સેન્ટ્રલ હેલ્પલાઇન નં. ૦ ૩૩-૨૨૯૦-૧૦૦૪)

૪. સુપરત કરવાની બીડ કિંમત રીઝર્વ કિંમતને સમતુલ્ય અથવા તેનાથી વધુ હોવી જોઇએ અને ઇ-હરાજી દરમિયાન બીડરોને ઇન્ટર-સે બીડીંગમાં તેમની બીડ વધારવાની પરવાનગી આપવામાં આવશે અને છેલ્લી બોલાયેલ બીડથી વધુ અને ઉપર ટેબલમાં આપેલ બીડની રકમમાં ઓછામાં ઓછા વધારામાં બીડરોની છેલ્લી સૌથી ઉંચી બીડ બોલવાની રહેશે. મિલકત અધિકૃત અધિકારી દ્વારા નિયત કરાયેલ રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહી. રીઝર્વ કિંમતથી ઓછી બોલાયેલ બીડ રદ કરવામાં આવશે. બીડર જાહેર વેચાણ નોટીસ/વેચાણની શરતો અને નિયમોમાં જણાવેલ રકમના ગુણાંકમાં તેમની બીડમાં વધારો કરી શકશે. છેલ્લી દશ મિનિટમાં બીડ મળવાનાં કિસ્સામાં ૧૦ મિનિટનું અમર્યાદિત લંબાણ આપવામાં આવશે. સફળ ઉંચી બીડ બોલવા માટે બીડરોને ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે અને દશ મિનિટ પુર્ણ થયા પછી છેલ્લી ઉંચી બીડમાં જો કોઇપણ બીડર ઉંચી બીડ ઓફર નહી કરે તો ઇ-હરાજી અટકાવવામાં આવશે.

૫. ઇચ્છુક બીડરોને વેચાણ નોટીસ, ઇ-હરાજીની શરતો અને નિયમો, ઇ-હરાજીની પ્રક્રિયા અંગેનું હેલ્પ મેન્યુઅલ ધ્યાનથી વાંચવા અને તેનું કડકપણે પાલન કરવા સલાહ આપવામાં આવે છે.

૬. ઇ-હરાજી પ્રક્રિયા પહેલા અથવા દરમિયાન કોઇપણ મુશ્કેલી અથવા મદદના કિસ્સામાં તેઓ અમારા ઇ-ઓક્શન સર્વિસ પ્રદાતા **(https://www. mstcecommerce.com)** (સીધી લિંક **https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp)** ના અધિકૃત પ્રતિનિધિનો સંપર્ક કરી શકે છે જેની વિગતો ઇ-ઓક્શન પોર્ટલ પર આપેલ છે.

૭. અધિકૃત અધિકારી દ્વારા ઇ-હરાજી પુર્ણ થયા પછી, ફક્ત સફળ બીડરોને (સર્વિસ પ્રદાતા પાસે રજીસ્ટર્ડ/તેમના દ્વારા અપાયેલ મોબાઇલ નંબર/ ઇમેઇલ એડ્રેસ પર) એસએમએસ/ઇમેઇલ મારફત અમારા ઉપરોક્ત સર્વિસ પ્રદાતા દ્વારા જાણ કરવામાં આવશે.

૮. સફળ હરાજી ખરીદાર/બીડરે બીડની રકમના ૨૫ ટકા (પચ્ચીસ ટકા) (એટલેકે પહેલા જમા કરેલ ઇમડીની રકમ સહીત) હરાજીની સમાપ્તિ/અંત ના રોજ તેજ દિવસે અથવા તે પછીના ચાલુ કામકાજના દિવસે તાત્કાલિક જમા કરવાની રહેશે. સફળ હરાજી ખરીદાર/બીડરે અધિકૃત અધિકારીને ચુકવવાપાત્ર બાકીની બીડ ખરીદીની રકમ મિલકતના વેચાણની મંજુરીની તારીખથી પંદર દિવસે અથવા તે પહેલા અથવા ખરીદાર અને સિક્યોર્ડ લેણદાર વચ્ચે લેખીતમાં મંજુર કરાયેલ આવા વિસ્તારેલ સમયગાળા દરમિયાન ચુકવવાની રહેશે, પરંતુ કોઇપણ સંજોગોમાં ૩ માસ કરતાં વધુ નહીં. જણાવેલ સમયની અંદર ઉપર જણાવ્યા મુજબની રકમ જમા કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, સફળ બીડર દ્વારા જમા કરાયેલ રકમ બેંક અને અધિકૃત અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને અધિકૃત અધિકારી મિલકતની નવી હરાજીયવેચાણ કરવા સ્વતંત્ર રહેશે અને કસુરવાર બીડર જપ્ત કરાયેલ રકમ અને મિલકત પર કોઇ દાવો ધરાવશે નહી.

૯. ચુકવણીમાં કસુરઃ ઉપર જણાવ્યા મુજબ તે જ દિવસે અથવા પછીના ચાલુ દિવસે ૨૫ ટકા બીડની રકમ (ઇએમડી બાદ કરીને) ની ચુકવણીમાં અને / અથવા જણાવેલ સમયમાં બીડની બાકી ૭૫ ટકા રકમની ચુકવણીમાં કસુર થશે તો કોઇપણ નોટીસ વગર વેચાણ આપમેળ રદ થશે. સફળ બીડર દ્વારા ચુકવાયેલ ઇએમડી અને અન્ય નાણાં બેંકના અધિકૃત અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૦. બેંકને સફળ બીડર દ્વારા વેચાણની કિંમતની ચુકવણી ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૯૪-આઇએ હેઠળ ટીડીએસને આધિન રહેશે અને ટીડીએસ સફળ બીડરે બીડની બાકીની ૭૫ ટકા રકમ જમા કરતી વખતે ભરવાનો રહેશે. સફળ હરાજી ખરીદારે/બીડરે બીડની રકમ પર લાગુ જીએસટી બેંકને ચુકવવાનો રહેશે.

૧૧. વેચાણની સંપુર્ણ કિંમત મળ્યા પછી અધિકૃત અધિકારી નિયમો મુજબ વેચાણ પ્રમાણપત્ર જારી કરશે. ખરીદારે સ્ટેમ્પ ડ્યુટી, તેમજ વેચાણના પ્રમાણપત્રનો રજીસ્ટ્રેશન ચાર્જ, મિલકતોને લગતા હાલના કે ભવિષ્યના સરકારી /કોઇપણ પ્રાધિકરણને ચુકવવાપાત્ર તમામ કાનુની બાકી લેણાં, વેરા, જીએસટી, દરો અને ખર્ચ ભોગવવાના રહેશે.

૧૨. વેચાણ સર્ટીફીકેટમાં બીડમાં જણાવ્યા સિવાય કોઇપણ નામનો સમાવેશ/બદલીની કોઇપણ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી. વેચાણ સર્ટીફીકેટ માત્ર સફળ બીડરના નામે જારી કરવામાં આવશે.

૧૩. વેચાણ સર્ટીફીકેટ જારી કરવા સામે ડીઆરટી/ડીઆરએટી/હાઇકોર્ટ અથવા કોઇપણ અન્ય કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઇપણ રોકાણ / મનાઇ હુકમ /પ્રતિબંધિત આદેશની પડતર કાર્યવાહીમાં વેચાણ સર્ટીફીકેટ જારી કરવામાં આવશે નહી. આ ગાળા દરમિયાન જમા કરેલ રકમ પર વ્યાજ આપવામાં આવશે નહી. સફળ બીડર દ્વારા કરાયેલ જમા રકમ, વેચાણ સર્ટીફીકેટનો પડતર અમલ, ડીપોઝીટ એકાઉન્ટમાં વ્યાજ વગર રાખવામાં આવશે. વેચાણના અંશતઃ અથવા સંપુર્ણ રદ બંનેમાં જમા પરત મેળવવાની દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી. ડીઆરટી/ડીઆરએટી/હાઇકોર્ટ અથવા કોઇ અન્ય કોર્ટ દ્વારા પ્રક્રિયાને આગળ વધારવા પર રોકના કિસ્સામાં હરાજીને વિલંબિત અથવા રદ કરવામાં આવશે અને વેચાણમાં ભાગ લેનાર વ્યક્તિઓને આવી મોકુફી કે રદ માટે નુકશાન, વળતર અથવા ખર્ચ માટે અધિકૃત અધિકારી/ બેંક સામે દાવો કરવાનો હક મળશે નહી.

૧૪. અધિકૃત અધિકારી/ બેંક કોઇપણ આગોતરી નોટીસ વગર અને કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ બીડનો સ્વીકાર અને અસ્વીકાર અથવા વેચાણ મોકુફ /મુલતવી /રદ રાખવાનો અને વેચાણની શરતો અને નિયમોમાં ફેરફાર કરવાનો તેમજ જો જુના બીડર નિષ્ફળ જાય તો બીજી સૌથી ઉંચી બીડ બોલનારને બોલાવાનો હક અનામત રાખે છે.

૧૫. ઇચ્છુક ખરીદાર તે/તેણીના ખર્ચે ઉપર જણાવેલ તારીખ અને સમયે મિલકતનું નિરિક્ષણ કરી શકે છે. બેંકમાં ઉપલબ્ધ ટાઇટલ દસ્તાવેજો અને અન્ય દસ્તાવેજોના નિરિક્ષણ માટે, ઇચ્છુક બીડરો હરાજીની તારીખથી બે દિવસ પહેલા ઓફીસ કલાકો દરમિયાન બેંક ઓફ બરોડા, ઝેડઓએસએઆર બ્રાંચનો સંપર્ક કરી શકે છે.

૧૬. મિલકત જ્યાં છે, જે છે અને જેમ છે ના ધોરણે વેચવામાં આવી રહી છે અને ઇચ્છુક બીડરોએ ઓનલાઇન બીડ સુપરત કરતા પહેલાં તેમની વિવેકબુદ્ધિથી સ્વતંત્ર પુછપરછ કરવી જોઇએ અને લાગતાવળગતા રજીસ્ટ્રાર/એસઆરઓ/રેવન્યૂ રેકોર્ડ/અન્ય કાનુની પ્રાધિકરણોના બોજો અને બેંકના ચાર્જ સિવાય કોઇપણ અન્ય પ્રાધિકરણ જેવા કે વેચાણ વેરા, એક્સાઇઝ/જીએસટી/આવકવેરાના કોઇપણ દાવા/હક્કો/બાકી રકમ ચાર્જ અંગે ચકાસણી કરવી જોઇએ અને ટાઇટલ, પ્રકાર, વર્ણન, વિસ્તાર, ગુણવત્તા, પ્રમાણ સ્થિતિ, બોજા, પુર્વાધિકાર, ચાર્જ, કાનુની બાકી રકમ વગેરેના સંબંધમાં સંતોષકારક ખાતરી કરવી જોઇએ. ઇ-હરાજીની જાહેરાત બેંકના કોઇ નિવેદન અથવા કોઇપણ રજુઆત પુરત ની કે ગણવામાં આવશે નહીં. અધિકૃત અધિકારી-સિક્યોર્ડ ક્રેડીટર કોઇપણ ત્રાહીત વ્યક્તિના દાવા/હકો/બાકી રકમ માટે કોઇપણ રીતે જવાબદાર ગણાશે નહીં.

૧૭. બેંક વેચાણ માટે મુકાયેલ મિલકતના સંબંધમાં કોઇપણ મંજુરી-લાયસન્સ, એનઓસી વગેરેની પ્રક્રિયા માટે અથવા પાણી/સેવા ચાર્જ, ટ્રાન્સફર ફી, ઇલેક્ટ્રીસીટીની બાકી રકમ, મ્યુન્સિપલ કોર્પોરેશન/સ્થાનિક પ્રાધિકરણ/કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીની બાકી રકમ, અથવા અન્ય કોઇ બાકી રકમ, વેરા, પુર્વાધિકાર, ફી, જણાવેલ મિલકતના વેચાણને સંબંધિત અને/અથવા ને લગતી ટ્રાન્સફર ફીની કોઇપણ જવાબદારી લેશે નહીં. સફળ બીડરે મિલકતની ખરીદીને લગતી ઇન્કમટેક્સની જોગવાઇઓનું પાલન કરવું અને લાગુ દરો મુજબ પ્રાધિકરણોને વેરો ચુકવવો પડશે.

૧૮. અધિકૃત અધિકારી કોઇપણ પ્રસંગોપાંત અને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને જરૂર જણાયતો કોઇપણ શરતમાં સુધારો/ફેરફાર/રદ કરવા સ્વતંત્ર છે. બેંક/અધિકૃત અધિકારી કોઇપણ આગાતરી નોટીસ વગર અને કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ બીડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવા અને વેચાણની કોઇપણ શરતો અને નિયમોમાં ફેરફાર કરવા વેચાણ મોકુફ/મુલતવી/રદ કરવાનો અબાધિત હક ધરાવે છે. બીડરોએ વેચાણની તમામ શરતો વાંચવી અને સમજવાની રહશે અને તે બંધનકર્તા રહેશે. બીડરો અને/અથવા સફળ બીડર દ્વારા કોઇપણ કાઉન્ટર ઓફર/ શરતી ઓફર/ શરતોને ધ્યાનમાં લેવામાં આવશે નહી. અહીં ઉપર વપરાયેલ શબ્દો અને વાક્યો સરફૈસી એક્ટ, ૨૦૦૨ એ તે હેઠળ રચાયેલ નિયમોમાં દર્શાવેલ અર્થાનુસાર છે.

૧૯. વેચાણ સિક્યોર્ડ ક્રેડીટર બેંકની મંજુરીને આધિન છે.

૨૦. વેચાણ સરફૈસીની એક્ટ ૨૦૦૨ અને તે હેઠળ ઘડાયેલ નિયમો હેઠળ જણાવેલ શરતો/નિયમો/જોગવાઇઓ અને ઉપર જણાવેલ શરતોને આધિન રહેશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે **https://www.bankofbaroda.in/e-auction.htm** અને **https://ibapi.in.** માં આપેલ લિંક જોવા વિનંતી છે. ઈચ્છુક બીડરો અધિકૃત અધિકારી **સંપર્ક વ્યક્તિ : શ્રી રોહન કુમાર, ચીફ મેનેજર, ZOSARB, અમદાવાદ મો. ૯૮૯૯૦૮૭૧૫૬ નો સંપર્ક પણ કરી શકે છે. (જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)**

## સરફૈસી એક્ટ મુજબ દેવાદાર / જામીનદાર / ગીરવેદારોને ૧૫ દિવસીય કાનુની વેચાણ નોટીસ

આથી ઉપર જણાવેલ દેવાદાર/રોને હરાજીની તારીખ પહેલા કલમ ૧૩(૨) નોટીસમાં જણાવેલ પુરેપુરી રકમ ચુકવવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતા મિલકતની હરાજી કરવામાં આવેશે/ દેવાદારો/જામીનદારો/ગીરવેદારો પાસેથી બાકી રકમ, જો કોઇ હોય તો, વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે.

**નોધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.**

**તારીખ : ૧૮.૧૧.૨૦૨૨ । સ્થળ : અમદાવાદ** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**